સાયબર સેલની નિષ્ફળતાના કારણે ઓનલાઈન ઠગાઈનો સતત વધતો આંક

OTP શેર કર્યા વિના ખાતામાંથી રૂ. ૨.૯૮ લાખ બારોબાર ગયા

પોરની એસ.કે. ઇન્ડસ્ટ્રીઝમાં નોકરી કરતા ઓડિશાના યુવક સાથે સાયબર ઠગાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વડોદરા જિલ્લાના પોર જૂની જીઆઈડીસી વિસ્તારમાં આવેલી એસ.કે. ઈન્ડસ્ટ્રીઝમાં વર્કર તરીકે નોકરી કરતા ઓડિશાના યુવકના બેંક ખાતામાંથી રૂ. 2.98 લાખ ઉપડી જતાં સાયબર ઠગાઈનો બનાવ સામે આવ્યો છે. યુવકના મોબાઈલ પર ઓટીપી આવ્યા બાદ થોડા જ સમયમાં ત્રણ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે રૂ. 2.98 લાખ ટ્રાન્સફર થઈ ગયા હતા. યુવકના જણાવ્યા મુજબ, તેણે કોઈને ઓટીપી શેર કર્યો નહોતો. આ અંગે યુવકે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવ્યા બાદ વરણામા પોલીસનો સંપર્ક કરતાં અજાણ્યા શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવી છે.

સુરેશ ગજેન્દ્ર માઝી (ઉ.વ. 30), મૂળ ઓડિશાના સુંદરગઢ જિલ્લાના રહેવાસી છે અને હાલ પોર જૂની જીઆઈડીસીમાં પ્લોટ નં. 52 ખાતે આવેલી એસ.કે. ઈન્ડસ્ટ્રીઝમાં નોકરી કરે છે. તેમણે બેંક ઓફ બરોડાની પોર શાખામાં ખાતું ખોલાવ્યું હતું અને તે ખાતા મારફતે નાણાકીય વ્યવહારો કરતા હતા. તા. 10 ઓક્ટોબર, 2026ના રોજ સાંજે આશરે છ વાગ્યાના અરસામાં તેમના મોબાઈલ પર ઓટીપી આવ્યો હતો. જોકે, તેમણે આ ઓટીપી કોઈની સાથે શેર કર્યો નહોતો. ત્યારબાદ સાંજે સાત વાગ્યાની આસપાસ મોબાઈલ પર ખાતામાંથી નાણાં કપાયાના મેસેજ આવ્યા હતા. બેંકની એપ્લિકેશનનો ઉપયોગ કરતા ન હોવાથી તેમણે તે સમયે બેલેન્સ ચેક કર્યું નહોતું. બીજા દિવસે રવિવાર હોવાથી બેંક બંધ હતી. જેથી 12 ઓક્ટોબરના રોજ તેઓ પોર ખાતેની બેંક ઓફ બરોડાની શાખામાં ગયા અને ખાતામાંથી નાણાં કપાયાની જાણ કરી હતી. બેંકમાં તપાસ કરાવતાં તેમની સાથે સાયબર ફ્રોડ થયાનું જાણવા મળ્યું હતું. ખાતાનું સ્ટેટમેન્ટ કઢાવતાં 10 ઓક્ટોબરના રોજ સાંજે 6:10થી 6:16 વાગ્યા દરમિયાન ત્રણ ટ્રાન્ઝેક્શન મારફતે અનુક્રમે રૂ. 55 હજાર, રૂ. 87 હજાર અને રૂ. 99 હજાર મળી રૂ. 2.98 lakh ઉપડી ગયાનું સામે આવ્યું હતું. આથી સુરેશ માઝીએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર ફરિયાદ નોંધાવી હતી? પોલીસે ફરિયાદના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

મોબાઇલ હેક કરી શ્રમિકના ખાતામાંથી રૂ.૯૦ હજાર ટ્રાન્સફર કરી ઠગાઈ

વડોદરા જિલ્લાના પોર જીઆઈડીસીમાં નોકરી કરતા શ્રમિકના બેન્ક ખાતામાંથી અજાણ્યા શખસે મોબાઇલ હેક કરીને રૂ.90 હજાર ઉપાડી લીધાની ઘટના સામે આવી છે. રમણગામડી ગામે રહેતા શ્રમિકે કોઈની સાથે બેન્ક સંબંધિત માહિતી શેર ન કરી હોવા છતાં તેના ખાતામાંથી ત્રણ અલગ-અલગ UPI ટ્રાન્ઝેક્શન દ્વારા નાણાં ટ્રાન્સફર થઈ ગયા હતા. આ અંગે વરણામા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મૂળ છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના ખેરકા ગામનો અને હાલ રમણગામડીમાં રહેતો 35 વર્ષીય નરેશભાઈ રાઠવા પોર જીઆઈડીસીની સત્યમ કમ્પોઝિટ કંપનીમાં વર્કર તરીકે નોકરી કરે છે. ગત 10 ઓક્ટોબરે તેઓ પત્ની સાથે ખરીદી કરવા પોર ગયા હતા. ત્યાં ચાઇનીઝ ફૂડ અને જ્યુસના રૂ.130 ગૂગલ પેથી ચૂકવ્યા બાદ ઘરે પરત ફર્યા હતા. ઘરે પહોંચતાં તેમનો મોબાઇલ બંધ થઈ ગયો હતો. રાત્રે બે વાગ્યે મોબાઇલ ચાલુ કરીને ગૂગલ પેની હિસ્ટ્રી તપાસતાં ખાતામાંથી રૂ.10 હજાર, રૂ.50 હજાર અને રૂ.30 હજાર મળી રૂ.90 હજાર ઉપડી ગયાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ તેમણે સાયબર હેલ્પલાઇન 1930 પર ફરિયાદ નોંધાવી હતી. હવે વરણામા પોલીસ દ્વારા અજાણ્યા શખસ સામે તપાસ હાથ ધરવામાં આવશે.

લાકડાં અને જ્વલનશીલ સામગ્રીને કારણે આગ ઝડપથી પ્રસરી

પાણીગેટ રાણાવાસ જૂના મકાનમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ લેતા તંત્રમાં દોડધામ

આગની ઘટનામાં કોમી એકતાનાં દર્શન, હિન્દુ-મુસ્લિમ સ્થાનિકો ખભેખભા મિલાવી આગ ઓલવવા દોડ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા શહેરના પાણીગેટ વિસ્તારમાં આવેલા રાણાવાસમાં આજે એક જૂના મકાનમાં ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. મકાનની અંદર રહેલા લાકડાં અને અન્ય જ્વલનશીલ સામગ્રીને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. ફાયર જવાનોની સમયસરની કામગીરી અને સતત પાણીનો મારો ચલાવતા આગને વધુ ફેલાતી અટકાવવામાં સફળતા મળી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આગની આ ઘટના દરમિયાન માનવતા અને કોમી એકતાનું સુંદર ઉદાહરણ જોવા મળ્યું હતું. રાણાવાસના હિન્દુ-મુસ્લિમ બંને સમાજના સ્થાનિક નાગરિકો ધર્મના ભેદભાવથી પર રહીને એકબીજાની મદદે આવ્યા હતા. સ્થાનિકોએ ફાયર બ્રિગેડ સાથે ખભેખભા મિલાવી આગ ઓલવવામાં પૂરતો સહયોગ આપ્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે જૂના મકાનમાં મોટા પ્રમાણમાં લાકડાંનો જથ્થો હોવાથી આગ ઝડપથી પ્રસરી હતી. જોકે, ફાયર બ્રિગેડ અને સ્થાનિકોની સંયુક્ત કામગીરીથી પરિસ્થિતિ કાબૂમાં આવતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. મુશ્કેલીના સમયે દેખાયેલો આ સામાજિક સદ્ભાવ અને ભાઈચારો સમગ્ર શહેર માટે પ્રેરણારૂપ બન્યો છે.

શિયાબાગમાં મુખ્ય માર્ગ પર વગર વરસાદે મોટો ભૂવો પડ્યો

સદનસીબે મોટી દુર્ઘટના ટળી, રસ્તાની ગુણવત્તા સામે સવાલો

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરાના શિયાબાગ વિસ્તારમાં મુખ્ય માર્ગની વચ્ચે અચાનક મોટો ભૂવો પડી જતાં વાહનચાલકો અને સ્થાનિક રહીશોમાં ચિંતા ફેલાઈ છે. સદનસીબે ઘટના સમયે ત્યાંથી કોઈ વાહનચાલક કે રાહદારી પસાર ન થતાં મોટી દુર્ઘટના ટળી હતી.

શિયાબાગના ભરચક માર્ગ પર રસ્તાનો એક ભાગ અચાનક બેસી જતાં મોટો ભૂવો પડ્યો હતો. ઘટનાને પગલે આસપાસના રહીશો અને વેપારીઓ એકઠા થઈ ગયા હતા. વરસાદ વગર રસ્તા પર ભૂવો પડતાં રસ્તાની ગુણવત્તા અને તંત્રની કામગીરી સામે સવાલો ઊઠ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, રસ્તાની નીચેથી પસાર થતી ડ્રેનેજ અથવા પાણીની પાઈપલાઈનમાં લીકેજ અને નબળી કામગીરીને કારણે જમીન અંદરથી પોલી થતી હોવાની શક્યતા છે. જોકે, ભૂવો પડવાનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી. સ્થાનિકોએ તંત્રને સ્થળ તપાસ કરી ભૂવાનું કારણ શોધવા અને તાત્કાલિક સમારકામ કરવા માગ કરી છે, જેથી સંભવિત અકસ્માત ટાળી શકાય.

ગોલ્ડન ચોકડીની કેનાલમાં ડૂબેલો યુવક ત્રણ દિવસથી લાપતા

(પ્રતિનિધિ) વડોદરા તા.21

ગોલ્ડન ચોકડી નજીકની કેનાલમાં નાહવા પડેલો ખરોડ ગામનો આશિત રાઠવા ડૂબી જતાં ચકચાર મચી ગઈ છે. ઘટનાને ત્રણ દિવસ વીતી ગયા હોવા છતાં યુવકનો કોઈ પત્તો મળ્યો નથી. ફાયર બ્રિગેડ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હોવા છતાં સફળતા મળી નથી.

આશિત કેનાલમાં ડૂબી જવાની ઘટનાની જાણ થતાં જ તેની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. જોકે, ત્રણ દિવસથી સતત શોધખોળ છતાં યુવકની ભાળ મળી નથી. બીજી તરફ, પરિવારજનો પણ પોતાની રીતે આશિતને શોધવાના પ્રયાસો કરી રહ્યા છે, પરંતુ નિરાશા સાંપડી રહી છે.

યુવકનો પત્તો નહીં મળતાં પરિવારજનોમાં ભારે ચિંતા અને આક્રંદ છવાયો છે. પરિવારે તંત્ર સમક્ષ રેસ્ક્યૂ કામગીરી વધુ સઘન બનાવી આશિતને વહેલી તકે શોધી કાઢવા આજીજી કરી છે. ત્રણ દિવસથી લાપતા યુવકની શોધખોળમાં સફળતા મળે તેવી આશા સાથે પરિવારજનો તંત્ર તરફ મીટ માંડી રહ્યા છે.

છ-છ મહિનાથી રસ્તાઓ અસ્તવ્યસ્ત બનતાં વાહનચાલકો પરેશાન

ખોડિયારનગરમાં છ મહિનાથી કેબલિંગની કામગીરી અધૂરી, વેપારીઓ-રહીશો પરેશાન

વિપક્ષની રજૂઆત બાદ પણ તંત્રનું પેટનું પાણી ન હલ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરાના ખોડિયારનગર વિસ્તારમાં છેલ્લા છ મહિનાથી ચાલી રહેલી અંડરગ્રાઉન્ડ કેબલિંગની કામગીરી ધીમી ગતિએ થતી હોવાથી સ્થાનિક રહીશો અને વેપારીઓની મુશ્કેલીઓ વધી છે. ખોદકામ, ધૂળ અને રસ્તા પરના ખાડાઓને કારણે લોકોમાં તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે.

વિસ્તારમાં દુકાનો અને શોપિંગ સેન્ટરોની આસપાસ ખોદકામને કારણે ગ્રાહકોની અવરજવર ઘટી છે. પરિણામે વેપારીઓને આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. બીજી તરફ, રસ્તા પરના ખાડા અને અસ્તવ્યસ્ત પડેલા વાયરોને કારણે વાહનચાલકો તથા રાહદારીઓ માટે અવરજવર જોખમી બની છે. અકસ્માતની ભીતિ વચ્ચે સ્થાનિકોને રોજિંદી અવરજવરમાં હાલાકી ભોગવવી પડી રહી છે.

આ સમસ્યાને લઈને વિપક્ષના પ્રવક્તા વિશાલ પટેલે વડોદરા મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ સમક્ષ વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. તેમના જણાવ્યા મુજબ, લોકોની સુવિધા માટે શરૂ કરાયેલી કામગીરી હવે સ્થાનિકો માટે મુશ્કેલીનું કારણ બની છે. તેમ છતાં કામગીરીમાં અપેક્ષિત ઝડપ આવી નથી.

છ મહિના વીતી જવા છતાં કામ પૂર્ણ ન થતાં રહીશો અને વેપારીઓમાં નારાજગી વધી રહી છે. સ્થાનિકોએ કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરી રસ્તાઓ વ્યવસ્થિત કરવાની માગ કરી છે. જો તંત્ર દ્વારા સત્વરે કામગીરી પૂર્ણ કરવામાં નહીં આવે તો રહીશો અને વેપારીઓને સાથે રાખીને વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. હવે તંત્ર ક્યારે કામગીરી પૂર્ણ કરે છે તેના પર સૌની નજર છે.

સેવાસીની દુકાનમાં ભીષણ આગ તમામ સામાન બળીને ખાખ થયો

ફાયર ફાઈટરની ટીમ તાત્કાલિક દોડી, પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

શહેરના સેવાસી વિસ્તારમા આગની ઘટના બની હતી. બસ સ્ટેન્ડ અને પશુ હોસ્પિટલ પાસે આવેલી શાંતિલાલ એન્ડ સન્સ અંબુજા સિમેન્ટની દુકાનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, દુકાનમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. જોતજોતામાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેતા દુકાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. દુકાન સિમેન્ટની હોવા છતાં અંદર રહેલા અન્ય સામાન, ફર્નિચર અને દસ્તાવેજોને કારણે આગ ઝડપથી પ્રસરી હતી. આગની જ્વાળાઓ જોઈને આસપાસના દુકાનદારો અને સ્થાનિક લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવીને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. જો સમયસર કાબૂ ન મેળવાયો હોત તો આગ બાજુની અન્ય દુકાનો અને પશુ હોસ્પિટલ સુધી પ્રસરવાની ભીતિ હતી. આગના કારણે દુકાનમાં રહેલો મોટાભાગનો સામાન બળીને ખાખ થઈ ગયો હોવાનું જાણવા મળી રહ્યું છે, જેમાં લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનો પ્રાથમિક અંદાજ છે.

વડોદરામાં જમીન ફાળવણીનો નવો ગરમાવો

રાધા યાદવની એકેડેમીની ફાઈલ ધૂળ ખાતી રહી, વિવાદિત પ્લોટમાં યુસુફ પઠાણ પર મહેરબાની!

મહિલા ક્રિકેટરની 10 હજાર ચોરસ મીટર જમીનની અરજી પર નિર્ણય નહીં

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા મહાનગરપાલિકામાં જમીન ફાળવણીના મુદ્દે બે અલગ-અલગ કિસ્સાઓ ચર્ચામાં આવ્યા છે. ભારતીય મહિલા ક્રિકેટર રાધા યાદવ દ્વારા ક્રિકેટ એકેડેમી બનાવવા માટે માંગવામાં આવેલી 10 હજાર ચોરસ મીટર જમીનની અરજી લાંબા સમયથી પડતર છે, જ્યારે પૂર્વ ક્રિકેટર અને સાંસદ યુસુફ પઠાણ સાથે સંકળાયેલા વિવાદિત પ્લોટની ફાળવણી માટેની દરખાસ્ત ફરી રજૂ થતાં પાલિકાની કાર્યપદ્ધતિ સામે સવાલો ઊઠ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાધા યાદવે વર્ષ 2025માં વડોદરા મહાનગરપાલિકા સમક્ષ ક્રિકેટ એકેડેમી અને મેદાનના નિર્માણ માટે જમીન ફાળવવાની રજૂઆત કરી હતી. શહેરના યુવા ખેલાડીઓને આધુનિક સુવિધાઓ મળી રહે અને તેમની પ્રતિભાને યોગ્ય તક મળે તે હેતુથી આ માગ કરવામાં આવી હતી. જોકે, લાંબા સમય બાદ પણ આ અરજી અંગે અંતિમ નિર્ણય લેવાયો ન હોવાનું સામે આવ્યું છે.

બીજી તરફ, પૂર્વ ભારતીય ક્રિકેટર અને તૃણમૂલ કોંગ્રેસના સાંસદ યુસુફ પઠાણ સાથે સંકળાયેલા સરકારી પ્લોટનો વિવાદ ફરી ચર્ચામાં આવ્યો છે. આ પ્લોટ પર કથિત ગેરકાયદે કબજાને લઈને અગાઉ વિવાદ અને કાનૂની કાર્યવાહી થઈ હતી. હવે આશરે 14 વર્ષ બાદ આ જ પ્લોટને નિયમિત કરી યુસુફ પઠાણના નામે ફાળવવા અંગેની દરખાસ્ત ફરી રજૂ કરવામાં આવી છે. બંને કિસ્સાઓને પગલે જમીન ફાળવણીમાં એકસમાન માપદંડો અપનાવવામાં આવે છે કે કેમ તે અંગે ચર્ચા શરૂ થઈ છે. રમતગમત ક્ષેત્રે યોગદાન આપનાર મહિલા ખેલાડીની અરજીનો નિર્ણય બાકી રહેતાં નારાજગી વ્યક્ત થઈ રહી છે.

જમીન ફાળવણી સામે દીપા શ્રીવાસ્તવનો વાંધો

તાંદલજા સ્થિત 978 ચોરસ મીટર જમીન યુસુફ પઠાણને ફાળવવાના પ્રસ્તાવ સામે કાઉન્સિલર દીપા શ્રીવાસ્તવે વાંધો ઉઠાવ્યો છે. તેમણે પારદર્શિતા, કાનૂની વૈધતા અને જાહેર હિતની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી જમીનનું હસ્તાંતરણ સ્થગિત રાખવાની માગ કરી છે.

સયાજી હોસ્પિટલના ૪૦ આઈસીયુ બેડ ફુલ, ગંભીર દર્દીઓની હાલાકી

મધ્ય ગુજરાત સહિત અન્ય રાજ્યોમાંથી દર્દીઓ આવતા ભારણ વધ્યું, નવી બિલ્ડિંગમાં વધુ બેડની જોગવાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરાની સયાજી હોસ્પિટલમાં આઈસીયુ બેડની અછતનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. ગંભીર દર્દીઓને બેડ મેળવવામાં મુશ્કેલી પડતી હોવાના આક્ષેપો વચ્ચે દર્દીઓના સ્વજનોમાં નારાજગી જોવા મળી રહી છે. કટોકટીના સમયે સમયસર સારવાર અને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માગ ઊઠી છે.

પરિવારજનોના આક્ષેપ મુજબ, આઈસીયુમાં બેડ ખાલી ન હોવાથી દર્દીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. કેટલાક કિસ્સામાં દર્દીઓને શ્વાસ આપવા માટે સ્વજનોએ જાતે અંબુ બેગનો ઉપયોગ કરવો પડતો હોવાની પણ ચર્ચા છે. આ સ્થિતિએ હોસ્પિટલની વ્યવસ્થા અંગે સવાલો ઊભા કર્યા છે.

આ અંગે સયાજી હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. હિતેન્દ્ર ચૌહાણે જણાવ્યું હતું કે મેડિકલ આઈસીયુમાં કુલ 40 બેડ છે અને હાલમાં તમામ બેડ ભરેલા છે. વડોદરા ઉપરાંત મધ્ય ગુજરાતના જિલ્લાઓ તેમજ મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાંથી ગંભીર હાલતમાં દર્દીઓ સારવાર માટે આવતા હોવાથી ભારણ વધ્યું છે.

તેમણે જણાવ્યું કે તબીબી અને પેરામેડિકલ સ્ટાફ દર્દીઓને જરૂરી સારવાર અને સપોર્ટિવ મેનેજમેન્ટ આપવા સતત પ્રયાસ કરી રહ્યો છે. નવી બનનારી હોસ્પિટલ બિલ્ડિંગમાં વધુ આઈસીયુ બેડની જોગવાઈ કરવામાં આવી છે, જેથી ભવિષ્યમાં દર્દીઓને વધારાની સુવિધા મળી શકે. જોકે, હાલની સ્થિતિમાં દર્દીઓને તાત્કાલિક રાહત મળે તેવી વ્યવસ્થા ઊભી કરવાની માગ ઊઠી છે.

વોર્ડ નં.૧૩ના નવાપુરામાં ગાર્ડન બન્યું ડમ્પિંગ યાર્ડ

સ્વચ્છ વડોદરાનો ફ્લોપ શો, મેયરના વોર્ડમાં ગંદકી અને દૂષિત પાણીથી રહીશો ત્રસ્ત

૫૦ વખત ખોદકામ છતાં દૂષિત પાણીથી પ્રજા ત્રાહિમામ; પાલિકા સામે મોરચો માંડવાની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરના મેયર ગીતાબેન મકવાણાના વોર્ડ નંબર-13ના નવાપુરા વિસ્તારમાં ગંદકી અને પીવાના પાણીની સમસ્યાને લઈને સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વારંવાર રજૂઆતો છતાં સમસ્યાનો ઉકેલ નહીં આવતાં રહીશો દ્વારા તંત્ર સામે વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી આપી છે.

વિસ્તારમાં આવેલો ગાર્ડન કચરાના ઢગલાથી ખદબદી રહ્યો હોવાના આક્ષેપો છે. ગંદકીના કારણે અસહ્ય દુર્ગંધ ફેલાતાં રાહદારીઓ અને સ્થાનિકોને મુશ્કેલી પડી રહી છે. શાળાએ જતાં બાળકોને પણ આ વિસ્તારમાંથી પસાર થવામાં હાલાકી ભોગવવી પડે છે. બાળકો અને રહીશોના આરોગ્ય સામે જોખમ ઊભું થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, પાણીની લાઈનની સમસ્યા ઉકેલવાના નામે એક જ સ્થળે અનેક વખત ખોદકામ કરવામાં આવ્યું છે. તેમ છતાં નળમાં ઓછા દબાણથી પાણી આવે છે અને ક્યારેક દૂષિત પાણી મળતું હોવાની ફરિયાદો ઊઠી છે. પીવાનું શુદ્ધ પાણી મેળવવા માટે પણ લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મેયરના જ વોર્ડમાં પ્રાથમિક સુવિધાઓના અભાવને પગલે તંત્રની કામગીરી સામે સવાલો ઊઠ્યા છે. રહીશોએ તાત્કાલિક સફાઈ કરાવી ગાર્ડનની સ્થિતિ સુધારવા અને શુદ્ધ પીવાનું પાણી પૂરતા દબાણથી મળી રહે તેવી વ્યવસ્થા કરવાની માગ કરી છે.

જો વહેલી તકે સંતોષકારક કાર્યવાહી નહીં થાય તો સ્થાનિક રહીશો પાલિકા કચેરીએ મોરચો લઈ જઈ ઉગ્ર વિરોધ કરશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટીના નિયમોનુસાર ચુસ્ત પાલન કરી દંપતીને કરાઈ વિદાય

પ્રક્રિયા પૂર્ણ કરી ઈટાલીના દંપતીને બાળક દત્તક અપાયું

જિલ્લા વહીવટી તંત્ર, બાળ કલ્યાણ સમિતિ અને એલેમ્બિક સીએસઆર ફાઉન્ડેશનના સહયોગથી પ્રક્રિયા સફળતાપૂર્વક પાર

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૯

બાળકના શ્રેષ્ઠ હિત, સુરક્ષા અને સર્વાંગી વિકાસને કેન્દ્રસ્થાને રાખીને તેને પ્રેમાળ પરિવાર મળી રહે તે માટે રાજ્ય સરકાર હંમેશાં કટિબદ્ધ રહી છે. આ જ ઉદ્દેશ્ય સાથે વડોદરા ખાતે જિલ્લા કલેક્ટરની પ્રેરક ઉપસ્થિતિમાં 'આંતરરાષ્ટ્રીય દત્તક પ્રક્રિયા' અંતર્ગત એક વિશેષ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કલેક્ટર કચેરીના પરિષદ ખંડ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં તમામ કાયદાકીય જોગવાઈઓ પૂર્ણ કરી ઈટાલીના એક દંપતીને બાળક અને સંબંધિત દસ્તાવેજો વિધિવત રીતે સુપ્રત કરવામાં આવ્યા હતા.

આંતરરાષ્ટ્રીય સ્તરે થતી દત્તક પ્રક્રિયામાં સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટીના નિયમો અને કાયદાકીય જોગવાઈઓનું ચુસ્ત પાલન કરવામાં આવે છે, જેથી બાળકને સંપૂર્ણપણે સુરક્ષિત અને પરિવારલક્ષી વાતાવરણ મળી રહે. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે બાળકને તેના નવા વિદેશી માતા-પિતા સાથે ભાવભીની વિદાય આપવામાં આવી હતી. આ ભાવુક અને ગૌરવપૂર્ણ ક્ષણે ઉપસ્થિત તમામ લોકોની આંખો હર્ષના આંસુથી છલકાઈ ગઈ હતી, કારણ કે એક બાળકને નવું જીવન અને પરિવાર મળ્યો હતો.

આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં બાળ કલ્યાણ સમિતિના ચેરમેન મેહુલભાઈ લાખાણી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી બી.પી. ચુડાસમા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અમિત વસાવા તેમજ એલેમ્બિક સીએસઆર ફાઉન્ડેશનના હેડ સંજય ભટ્ટાચાર્ય વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા બાળ સુરક્ષા કચેરી, બાળ કલ્યાણ સમિતિ અને એલેમ્બિક સીએસઆર ફાઉન્ડેશન સંચાલિત સ્પેશિયલાઈઝ્ડ એડોપ્શન એજન્સી, વડોદરાના અધિકારીઓ અને કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી સમગ્ર પ્રક્રિયાને સફળતાપૂર્વક પાર પાડી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, દત્તક પ્રક્રિયા એ માત્ર એક કાયદાકીય પ્રક્રિયા નથી, પરંતુ બાળકને પરિવારનો પ્રેમ, સંભાળ, સુરક્ષા અને જીવનમાં આગળ વધવાની નવી તક પૂરી પાડવાનું એક પવિત્ર માધ્યમ છે. આંતરરાષ્ટ્રીય દત્તક પ્રક્રિયા દ્વારા બાળકને વૈશ્વિક સ્તરે સુરક્ષિત વાતાવરણ મળે છે. બાળકોના અધિકારોનું રક્ષણ થાય અને પારદર્શક રીતે દત્તક પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે સરકારી વિભાગો અને સંસ્થાઓ દ્વારા ખૂબ જ ગંભીરતાથી કામગીરી કરવામાં આવી રહી છે, જે વડોદરાના આ કાર્યક્રમથી વધુ એકવાર સાબિત થયું છે.

કોર4 એન્જિનિયર્સનો 54.82 કરોડનો IPO શુક્રવારે ખુલશે

વડોદરા: ઈન્ટિગ્રેટેડ એન્જિનિયરિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સોલ્યુશન્સ ક્ષેત્રે કાર્યરત કોર4 એન્જિનિયર્સ લિમિટેડનો આઈપીઓ 23થી 27 ઓક્ટોબર દરમિયાન ખુલ્લો રહેશે. કંપની આઈપીઓ મારફતે 54.82 કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. શેરનું લિસ્ટિંગ બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર થશે. આઈપીઓનો પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર 88થી 93 નક્કી કરાયો છે. લોટ સાઇઝ 1,200 શેરની છે અને લઘુત્તમ અરજી બે લોટ એટલે કે 2,400 શેર માટે કરવાની રહેશે. અપર પ્રાઈસ બેન્ડ મુજબ લઘુત્તમ રોકાણ 2,23,200 થશે. એન્કર બિડિંગ 22 ઓક્ટોબરે યોજાશે. કંપની રેલવે ઈલેક્ટ્રિફિકેશન, પાવર ટ્રાન્સમિશન, વોટર ટ્રીટમેન્ટ અને ઓટોમેશન ક્ષેત્રે સેવાઓ આપે છે. આઈપીઓની રકમનો ઉપયોગ નવી મેન્યુફેક્ચરિંગ સુવિધા, કોર્પોરેટ ઓફિસ માટે મિલકત, કાર્યકારી મૂડી અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે.

તંત્રની બેદરકારીના આક્ષેપો વચ્ચે મરાઠા સમાજના લોકોએ હાથ ધર્યું સફાઈ અભિયાન

ખાસવાડી સ્મશાનમાં ગંદકીનું સામ્રાજ્ય: તંત્ર નિષ્ફળ જતાં નાગરિકો સફાઈ માટે મેદાનમાં

સફાઈના કોન્ટ્રાક્ટ સામે સવાલો, નિયમિત સફાઈની માગ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં આવેલા ઐતિહાસિક ખાસવાડી સ્મશાનમાં સફાઈના અભાવે ગંદકી ફેલાતાં મરાઠા સમાજના લોકોમાં નારાજગી જોવા મળી હતી. સ્મશાનમાં નિયમિત સફાઈ થતી ન હોવાના આક્ષેપો વચ્ચે સમાજના સભ્યોએ આખરે જાતે જ સફાઈ અભિયાન હાથ ધરી ગંદકી દૂર કરી હતી.

ખાસવાડી સ્મશાનમાં મરાઠા સમાજ દ્વારા વિવિધ અંતિમવિધિ અને ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે. આવા સંવેદનશીલ અને પવિત્ર સ્થળે સ્વચ્છતા જાળવવી જરૂરી હોવા છતાં પરિસરમાં ગંદકી જોવા મળતાં લોકોમાં રોષ ફેલાયો હતો.

સ્થાનિકોના આક્ષેપ મુજબ, સ્મશાનની સફાઈની જવાબદારી સંભાળતા કોન્ટ્રાક્ટર દ્વારા નિયમિત અને યોગ્ય રીતે કામગીરી કરવામાં આવતી નથી. પરિણામે અંતિમવિધિ માટે આવતા લોકોને અસ્વચ્છ વાતાવરણનો સામનો કરવો પડે છે. આ મુદ્દે તંત્રની કામગીરી સામે પણ સવાલો ઊઠ્યા છે.

સફાઈ માટે તંત્ર કે કોન્ટ્રાક્ટરની રાહ જોવાને બદલે મરાઠા સમાજના સભ્યો એકત્રિત થયા હતા અને સ્મશાન પરિસરમાં સફાઈ કરી હતી. આ ઘટનાએ જાહેર ઉપયોગનાં સ્થળોની જાળવણી અને સ્વચ્છતા અંગેની વ્યવસ્થા પર ફરી સવાલો ઊભા કર્યા છે.

સમાજના લોકોએ માગ કરી છે કે સ્મશાનમાં નિયમિત સફાઈ થાય તે સુનિશ્ચિત કરવામાં આવે અને કોન્ટ્રાક્ટરની કામગીરીનું યોગ્ય નિરીક્ષણ કરવામાં આવે. ભવિષ્યમાં લોકોને જાતે સફાઈ કરવાની ફરજ ન પડે તે માટે સંબંધિત તંત્ર તાત્કાલિક પગલાં ભરે તેવી માગ પણ કરવામાં આવી છે. હવે તંત્ર આ ફરિયાદને કેટલી ગંભીરતાથી લે છે તે જોવાનું રહેશે.